# પ્રેસનોટ

તા. ૨૬-૦૭-૨૦૧૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, હત્યા, અપહરણ, ખંડણી ઉઘરાવવા અને પૂરાવાનો નાશ કરવા જેવા અત્યંત ગંભીર પ્રકારના આરોપસર ગુજરાતના માજી ગૃહ રાજ્યમંત્રી અને કાયદામંત્રીશ્રી અમીત શાહની ધરપકડ કરવામાં આવી છે ત્યારે હવે, ભાજપ દ્વારા આ તપાસ રાજકીય હેતુસર કરવામાં આવી રહી છે, તેવો વાહિયાત અને જુઠ્ઠો આક્ષેપ કરી પોતાની જવાબદારીમાંથી છટકવાનું તેમજ કોમી અને ધાર્મિક લાગણીઓ ઉશ્કેરી ગુજરાતની પ્રજાને બાનમાં લેવાનો પ્રયત્ન થઇ રહ્યો છે. ભાજપની છબી કોમવાદી પાર્ટીની હતી જે હવે ગુન્હેગારોની પાર્ટી તરીકે ઉપસી આવી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની સરકારે પોતે જ સુપ્રિમ કોર્ટ સમક્ષ કરેલ એફીડેવીટમાં એકરાર કર્યો છે કે ગુજરાતમાં થયેલા એન્કાઉન્ટરો બનાવટી હતાં. જેના પગલે સુપ્રિમ કોર્ટે સ્વાયત્ત કહેવાય તેવી તપાસ સંસ્થા સીબીઆઇને તપાસ કરવાની જવાબદારી સોંપી છે, જે સુપ્રિમ કોર્ટની સીધી દેખરેખ હેઠળ તપાસ કરી રહેલ છે. તેમાં કોંગ્રેસ પક્ષ કે કેન્દ્ર સરકારે કોઇ રોલ ભજવ્યો નથી કે ભજવવાનો રહેતો નથી. મળેલા પૂરાવાઓ ઉપરથી સ્પષ્ટ થયું છે કે આ સમગ્ર પ્રકરણ ખંડણી ઉઘરાવવાનું ષડયંત્ર હતું. સોહરાબુદીન, તુલસી પ્રજાપતિ અને અન્ય ગુન્હેગારોનો ઉપયોગ કરી વ્યાપારીઓ પાસેથી ખંડણી ઉઘરાવવામાં આવતી હતી અને ખંડણીની રકમો રાજ્ય ગૃહમંત્રી સુધી પહોંચી હોય તેવી હકિકતો બહાર આવી છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા તપાસમાં સહયોગ આપી સત્ય બહાર લાવવાની બંધારણીય જવાબદારી નિભાવવાને બદલે ભાજપ દ્વારા લોક લાગણીને ઉશ્કેરી અશાંતિ સર્જવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૦૨માં ગુજરાતની પ્રજાના નામે પોતનું રાજકીય હિત સાધવાનો પ્રયત્ન થયો હતો અને ફરી એક વખત આવો પ્રયત્ન થઇ રહ્યો છે ત્યારે ભાજપની આવી મેલી મુરાદ સફળ બનાવવામાં ગુજરાતની પ્રજા સાથ નહીં આપે તેવો અમને વિશ્વાસ છે.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં હરેન પંડ્યાની હત્યાથી શરૂ થયેલ અપરાધયાત્રા અને ખંડણીયાત્રા હજી કેટલાનો ભોગ લેશે? શોહરાબુદીન, તુલસી પ્રજાપતિ, ગોપીનાથ, ગણેશ, કૌસરબી અને છેલ્લે અમીત જેઠવાની હત્યા. બસ, હવે બહુ થયું, ગુજરાત સરકાર આ ખંડણીયાત્રા અને અપરાધયાત્રા બંધ કરે તે સમયનો તકાજો છે.

(જયંતીલાલ પરમાર)
પ્રવક્તા

૯૮૨૫૬ ૦૦૫૯૭